તૂટેલા એન્કર બ્લોકથી સામે ગંભીર સવાલ : જનતાના પૈસાનો દુરુપયોગ બંધ કરો : નાગરિકો

સિંગવડ તાલુકાના સરજુમી ગામે પાણી પુરવઠાની કામગીરીમાં ભ્રષ્ટાચારના આક્ષેપ

ગામલોકો દ્વારા તાત્કાલિક તપાસની માંગ સાથે આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી છે

(પ્રતિનિધી) સિંગવડ, તા.3

સિંગવડ તાલુકાના સરજુમી ગામે પાણી પુરવઠાની કામગીરીમાં હલકી ગુણવત્તા કામ કરેલાની આશંકા! જનતાના પૈસાનો દુરુપયોગ બંધ કરો તેવુ ગામલોકો દ્વારા વિરોધ કરવામાં આ્યો છે.

બનાવની હકીકત જોતા સમગ્ર કામગીરીની નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની ઉઠી માંગ સિંગવડ તાલુકાના સરજુમી ગામમાં ચાલી રહેલી પાણી પુરવઠાની કામગીરીમાં ગુણવત્તાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સ્થળ પર કેટલાક એન્કર બ્લોક તૂટેલી હાલતમાં જોવા મળતા સ્થાનિકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. વિકાસના નામે જનતાના પૈસાનો દુરુપયોગ થતો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, કામગીરી દરમિયાન ગુણવત્તાના ધોરણોનું પાલન કરવામાં આવ્યું છે કે નહીં તે અંગે શંકા ઊભી થઈ છે. શરૂઆતથી જ તૂટેલા એન્કર બ્લોક જોવા મળતા કામની ટકાઉપણું અને સુરક્ષા અંગે પણ અનેક સવાલો ઉભા થયા છે. ગ્રામજનો અને જાગૃત નાગરિકોએ સમગ્ર કામગીરીની નિષ્પક્ષ તપાસ કરવાની, કામની ગુણવત્તાનું ટેક્નિકલ મૂલ્યાંકન કરાવવાની તેમજ જો કોઈ અનિયમિતતા, બેદરકારી અથવા ભ્રષ્ટાચાર સામે આવે તો સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. જનતાના કરના પૈસાથી થતા વિકાસ કાર્યોમાં કોઈપણ પ્રકારનું ગુણવત્તા સાથેનું સમાધાન સ્વીકાર્ય નથી. જવાબદાર તંત્ર આ મામલે તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરે તેવી લોકોની માંગ છે.

ઉલ્લેખનીય છે કે આવા ભ્રષ્ટાચારમાં ભાગીદારી કરનારા મળતીયાઓને પણ શોધીને જાહેરમાં ઉઘાડા પાડવા જોઇએ જેથી આવનારા દિવસોમાં કોઇ આવી હલકી ગુણવત્તાવાળુ કામ કરીને પોલ ના મારી શકે તેવુ ગામલોકો જણાવી રહ્યા છે.

છાશવારે વીજપુરવઠો ખોરવાતા લોકોને હાલાકી વેઠવી પડે છે

સીંગવડ તાલુકા મથકે નવી વીજકચેરી શરૂ કરવા નાગરિકોની પ્રબળ માંગણી

દાહોદના સાંસદ અને લિમખેડાના ધારાસભ્યએ સિંગવડ ખાતે એમજીવીસીલનું સબ ડિવિઝન મંજૂર કરવા રાજ્ય સરકાર સમક્ષ કરી રજૂઆત

(પ્રતિનિધી) સિંગવડ, તા.3

હાલમાં લીમખેડા અને સીંગવડ તાલુકાના દુર-દૂરના ગ્રામીણ વિસ્તારના ખેડૂતો અને આદિવાસી વસ્તી ધરાવતા ૧૨૦ જેટલા ગામોમાં ૫૦૦૦૦ જેટલા ઘર વપરાશના વીજ ગ્રાહકો અને ૫૦૦૦ જેટલા કૃષિ વીજ જોડાણના ગ્રાહકો તેમજ કોમર્શિયલ વીજ જોડાણના ગ્રાહકો પણ છે અને આ બે તાલુકાઓ વચ્ચે આ એક જ કચેરી આવેલી છે. જ્યારે બે તાલુકાના કોઈ સ્થળે વીજ ફોલ્ટ થાય તો લાંબા અંતરના કારણે એક સ્થળેથી બીજા સ્થળે જવા બે કલાક જેટલો સમય લાગે છે પરિણામ વીજ ફોલ્ટ દૂર કરવામાં સમય લાગતાં વીજ પુરવઠો લાંબા સમય સુધી ખોટકાતાં અંતરિયાળ વિસ્તારના ગ્રાહકોને પારાવાર અગવડતા ભોગવવી પડે છે. સિંગવડ તાલુકો મુખ્યત્વે આદિવાસી અને ગ્રામીણ-પહાડી વિસ્તાર ધરાવે છે. હાલમાં સિંગવડ તાલુકાના તમામ ગ્રામીણ તથા ખેતીવાડી વીજગ્રાહકોનો સમાવેશ મધ્ય ગુજરાત વીજ કંપનીના લીમખેડા સબ ડિવિઝનમાં થયેલ છે. લીમખેડા સબ ડિવિઝનનો ભૌગોલિક વિસ્તાર ઘણો મોટો હોવાથી અને ખેતીવાડી તથા સ્થાનિક વીજજોડાણોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો હોવાથી વર્તમાન કચેરીમાં વહીવટી-ટેકનિકલ કામગીરીનો બોજ અત્યંત વધી ગયો છે. જેના કારણે વીજવપરાશકર્તા તમામ નાગરિકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. સિંગવડ એ સ્વતંત્ર તાલુકા મથક હોવાથી રાજ્ય સરકારની બીજી તમામ કચેરીઓ કાર્યરત થઈ ગયેલ છે પરંતુ વીજ કચેરી જ શરૂ થઈ નથી ત્યારે સ્થાનિક કક્ષાએ જ વીજ સંચાલન અને ફરિયાદ નિવારણ ઝડપી બને તે હેતુસર અને વહીવટી સુગમતા માટે સિંગવડ ખાતે જ નવું અલગ સબ ડિવિઝન ઊભું કરવા અંગે દાહોદ ડિવિઝન/વર્તુળ કચેરી દ્વારા પણ વડી કચેરી - વડોદરા ખાતે દરખાસ્ત કરવામાં આવેલ છે. આદિવાસી અને ડુંગરાળ વિસ્તારની ભૌગોલિક વિષમતાઓને ધ્યાને લઈ આદિવાસી પ્રજાજનો તથા ખેડૂતોના વ્યાપક હિતમાં ખાસ કિસ્સામાં સીંગવડ તાલુકા મથકે નવું સબ ડિવિઝન મંજૂર કરવા માટે દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર અને લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર દ્વારા પણ રાજ્યના મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ગોધરાના પઢીયારમાં ૨.૮૬ લાખના નાળા કૌભાંડનો બનાવ

તાલુકા વિકાસ અધિકારીનો તપાસ રિપોર્ટ પોકળ સાબિત થયાં !

વાહનો પસાર થતાં જ હલકી ગુણવત્તાવાળા નાળાની પોલ ખુલી

(પ્રતિનિધી) ગોધરા, તા.3

ગોધરા તાલુકાની પઢીયાર ગ્રામ પંચાયતમાં ૧૫માં નાણાંપંચ અંતર્ગત રૂપિયા ૨.૮૬ લાખના ખર્ચે બનેલા નાળાના કામની તપાસમાં તાલુકા વિકાસ અધિકારીએ રજૂ કરેલો રિપોર્ટ કાયદાકીય અને વાસ્તવિક દ્રષ્ટિએ તદ્દન ખોટો સાબિત થયો છે. તાલુકા વિકાસ અધિકારીએ પોતાના રિપોર્ટમાં નાળાનું કામ ગુણવત્તાવાળું અને એસ્ટીમેટ મુજબ હોવાનો દાવો કરી માત્ર સામાન્ય ધોવાણની વાત કહી હતી. પરંતુ તાજેતરમાં જ નાળા પરથી હલકા વાહનો પસાર થતાં જ મોટું ગાબડું પડી ગયું છે અને તાજા જીઓ-ટેગ ફોટોગ્રાફ્સ અધિકારીઓના ખોટા દાવાની પોલ ખોલી રહ્યા છે. આ ગાબડાં પરથી સ્પષ્ટ ખુલાસો થયો છે કે નાળાનું કામ અત્યંત હલકી ગુણવત્તાનું કરવામાં આવ્યું છે અને આખું નાળું માત્ર સિમેન્ટની પાતળી પોપડી પર જ ટકેલું છે. નાળાની નીચે કોઈ કોંક્રિટ કે પાકો માલ ભરવામાં આવ્યો નથી જે સરકારી નાણાંનો ખુલ્લેઆમ બગાડ છે. તેમ છતાં તંત્ર ઘોર નિદ્રામાં રહ્યું હતું. જાગૃત નાગરિકની રજૂઆતમાં લેબોરેટરી ટેસ્ટ કરવા માટે સ્પષ્ટ માંગ કરવામાં આવી હતી. પરંતુ લેબોરેટરી ટેસ્ટ કર્યા વગર જ અધિકારીઓએ ફક્ત રૂબરૂ આવીને સ્થાનિક લોકોના નિવેદનો લઈને જ તપાસ બંધ કરી દીધી હતી. ત્યારે આ ગંભીર નાણાંકીય ઉચાપત અને ભ્રષ્ટાચાર બાબતે હવે ઉચ્ચ કક્ષાની તપાસ કરી, સરપંચ ઉપરાંત પેમેન્ટ પાસ કરનાર તલાટી, વિસ્તરણ અધિકારી અને બોગસ રિપોર્ટ તૈયાર કરનાર જવાબદાર અધિકારીઓ સામે સીધી પોલીસ ફરિયાદ દાખલ કરી ગેરરીતિ આચરેલા નાણાંની કડક રિકવરી કરવામાં આવે તેવી લોકોની માંગ ઉઠેલ છે.

કાલોલ સિદ્ધનાથ મહાદેવ નજીક મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.3

કાલોલ શહેરમાં સિદ્ધનાથ મહાદેવની સામે આવેલા બગીચા નજીકના એક મકાનમાં કાલોલ પોલીસે રેડ પાડી ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલ ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી રૂ. ૧૧,૦૫૦ની કિંમતના દારૂના ક્વાટર સાથે એક શખ્સની અટકાયત કરી છે, જ્યારે માલ પૂરો પાડનાર અન્ય એક શખ્સ સામે પણ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં તહેવારો શરૂ થતા હોઇ બુટલેગરો પણ મોજમાં આવી ગયા છે જેના પર તવાઇ બોલાવવા માટે પોલીસ પણ સતર્ક થઇ ગઇ છે.

પાવાગઢ ખાતે મેન્ટેનન્સના કારણે આગામી 6 દિવસ રોપ-વે સેવા બંધ રહેશે, ભક્તોએ પગથિયાં ચઢવા પડશે

હાલોલ: પ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે આવતા શ્રદ્ધાળુઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. પાવાગઢ ખાતે ચાલતી રોપ-વે સેવા આજે ૩ ઓગસ્ટથી ૪ ઓગસ્ટ સુધી એટલે કે કુલ ૬ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તંત્ર દ્વારા જણાવ્યા અનુસાર, રોપ-વેના વાર્ષિક અને ટેકનિકલ મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવાની હોવાથી આ સેવા ચોક્કસ સમયગાળા માટે મોકૂફ રાખવામાં આવી છે. રોપ-વે સેવા બંધ રહેવાના કારણે માં કાલીના દર્શને આવતા માઈભક્તોએ ફરજિયાતપણે પગથિયાં ચઢીને જ માતાજીના દરબારમાં પહોંચવું પડશે. મેન્ટેનન્સનું કામ પૂર્ણ થયા બાદ ૪ ઓગસ્ટથી રોપ-વે સેવા ફરી પૂર્વવત (રાબેતા મુજબ) શરૂ કરી દેવામાં આવશે. જેથી દર્શનાર્થે આવતા તમામ યાત્રાળુઓને આ બાબતની નોંધ લઈ પોતાની યાત્રાનું આયોજન કરવા વિનંતી કરવામાં આવી છે.

ગોવિંદગુરુ લીમડી તાલુકાના ધોળીદાંતી ગામે ફળિયામાં તસ્કરો ત્રાટક્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.3

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના ધોળીદાંતી ગામે કુંજા ફળિયામાં તસ્કરો ત્રાટક્યા હતા અને કુંજા ફળિયામાં રહેતા અને કોન્ટ્રાક્ટરનો વ્યવસાય કરતા ૪૭ વર્ષીય જયંતીલાલ સુરસીંગભાઈ મુનિયાના બંધ મકાનને નિશાન બનાવ્યું અને તે બંધ મકાનના મુખ્ય દરવાજા ને સાધન વડે તોડી નાખી તસ્કરો મુખ્ય દરવાજા વાટે ઘરમાં પ્રવેશ્યા હતા અને અંદરના રૂમના દરવાજાનો નકુચો તોડી અંદરના રૂમમાં પ્રવેશ્યા તિજોરીમાં મુકેલ રૂપિયા ૧,૯૧,૦૦૦/-ની કુલ કિંમતના હતા. અને અંદરના રૂમમાં મુકેલ બે તિજોરીઓન દરવાજાના લોક તોડી સોના-ચાંદીના દાગીના ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે ઘરધણી જયંતીલાલ સુરસીંગ ભાઈ મુનિયાએ લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૧(૨) ૩૩૧(૩) ૪૯૫૪) મુજબ ઘરફોડ ચોરીનો ગુનો નોંધી ડોગ સ્ક્વોર્ડ તથા મદદની માગણી કરી કાર્યવાહી હાથ ધરી છે.

કાલોલમાં પશુ અત્યાચારના ગુનામાં ભાગતો આરોપી ઝડપાયો

(પ્રતિનિધી) કાલોલ, તા.3

પંચમહાલ-ગોધરા લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) ની ટીમે કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પશુ ક્રૂરતા અને અત્યાચારના ગુનામાં લાંબા સમયથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે.

પંચમહાલ ગોધરાના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ, LCB પોલીસ ઇન્સ્પેક્ટર એ.બી. વોરાની સૂચના મુજબ સ્ટાફના માણસો નાસતા ફરતા આરોપીઓની શોધખોળમાં હતા.દરમિયાન, એલ.સી.બી. ગોધરાના આર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ અલ્પેશભાઇ નારણભાઇને બાતમીદાર (હ્યુમન સોર્સીસ) મારફતે ચોક્કસ માહિતી મળી હતી કે કાલોલ પોલીસ સ્ટેશનના ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ તથા પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ હેઠળ નો નાસતો ફરતો વોન્ટેડ આરોપી ઇરફાન અબ્દુલમજીદ પાડવા ઉર્ફે વેજલીયો (રહે. સાતપુલ, અકસા મસ્જિદ પાસે, ગોધરા) હાલમાં ગોધરાની ઝાકીર હુસેન સ્કૂલ પાસે ઉભેલો છે. મળેલી ચોક્કસ બાતમીના આધારે LCB ના પો.સ.ઈ. એચ.આર. જેતાવત તથા તેમની ટીમે ઝાકીર હુસેન સ્કૂલ પાસે ખાનગી વોચ ગોઠવીને આરોપી ઇરફાન અબ્દુલમજીદ પાડવા ઉર્ફે વેજલીયાને કોર્ડન કરી ઝડપી લીધો હતો.

દાહોદ પરેલ સી સાઈટ રેલવે કોલોનીમાં તસ્કરો ત્રાટક્યા

દાહોદ : પરેલ સી સાઈટ રેલવે કોલોનીમાં તસ્કરો ત્રાટક્યા હતા. અને ક્વાર્ટર નંબર ૨૨૫/એલમાં રહેતા રહેતા અને રેલ્વેમાં નોકરી કરતા ૪૧ વર્ષીય શૈલેષકુમાર શિવ બચ્ચન સિંઘના બંધ ક્વાર્ટરને તસ્કરો એ બનાવ્યું તે બંધ ક્વાર્ટરના દરવાજાને મારેલ તાળું કોઈ સાધન કે કોઈ હથિયાર વડે તોડી તસ્કરો દરવાજા વાટે ક્વાર્ટરમાં પ્રવેશ્યા હતા. અને ક્વાર્ટરમાં મુકેલ તિજોરીમાંથી રૂપિયા ૧૨૦૦૦/-ની કિંમતની આશરે ૦.૦૧ મિલી ગ્રામ વજનની નાકમાં પહેરવાની સોનાની ચૂની નંગ-૧, રૂપિયા ૧૦૦૦/-ની કિંમતની આશરે ૧૦ ગ્રામ વજનની પગમાં પહેરવાની ચાંદીની વિછુડી નંગ-૧ તથ રૂપિયા ૪૦૦૦/-ની કિંમતનું ગેસ સિલિન્ડર ચોરીને લઈ ગયા હતા.

હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે લોન્ચ થનારા વૈશ્વિક ગ્રંથમાં સ્થાન મળ્યું

ભારતના ડો. રાજુ એમ. ઠક્કરના જીવનપ્રવાસને સ્થાન સાથે હાલોલનું પણ ગૌરવ વધાર્યું

(પ્રતિનિધી) હાલોલ, તા.3

હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે લોન્ચ થનારા વૈશ્વિક ગ્રંથ "A Book of Resilience"માં ભારતની આધ્યાત્મિક પરંપરા, અખંડ માનવ સેવા અને પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વના સંદેશને વૈશ્વિક સ્તરે વધુ એક ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થયું છે. "વોકમેન ઑફ ઇન્ડિયા" તરીકે જાણીતા ડૉ. રાજુ એમ. ઠક્કરનું જીવનપ્રકરણ પ્રતિષ્ઠિત વૈશ્વિક ગ્રંથ "A Book of Resilience" માટે પસંદ કરવામાં આવ્યું છે.યુનાઇટેડ કિંગડમની LOSD Publishing House દ્વારા પ્રકાશિત આ વૈશ્વિક કોફી-ટેબલ ગ્રંથનું વિમોચન ૧૪ થી ૧૬ ઓગસ્ટ, ૨૦૨૬ દરમિયાન હાર્વર્ડ યુનિવર્સિટી, મેસાચ્યુસેટ્સ (અમેરિકા) ખાતે યોજાનારા LOSD International Summit દરમિયાન કરવામાં આવશે. હાલોલ ના ડૉ. રાજુ એમ. ઠક્કરનું પ્રકરણ "A Life Walked with Courage, Purpose, and Resilience" LOSD Publishing Review Panel દ્વારા સ્વીકારવામાં આવ્યું છે.

પોલીસે સમગ્ર મામલે કાયદેસર કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી છે

લીમખેડામાં ઘાતક હથિયારો વડે મારામારી થતાં એટ્રોસિટી એક્ટ હેઠળ 13 આરોપીઓ વિરુદ્ધ ગુનો

આરોપીઓ દ્વારા ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી

(પ્રતિનિધી) દાહોદ, તા.3

હાથીધરા ખાતે રહેતા રાવત રોહિતભાઈ દિનેશ ભાઈ તથા તેમના પરિવારજનો પર જૂની અદાવત અને સામાન્ય બોલાચાલીના કારણે આરોપીઓ દ્વારા તીક્ષ્ણ અને ઘાતક હથિયારો ધારિયા, લાકડી, પાઇપ વગેરે વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, આરોપીઓ દ્વારા ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી આ બનાવ સંદર્ભે ગંભીરતા દાખવીને લીમખેડા પોલીસે નીચે મુજબની કલમો બી એન એસ ૧૮૯(૨) ૧૯૧(૨) ૧૯૧(૩) ૧૯૦,૧૧૫(૧) ૨ ૯૬(બી) ૩૫૧(૩) અનુસૂચિત જાતિ એક્ટ ૩(૧)(r),૩(૧)(s) ૩(૨)(v) હેઠળ ગુનો નોંધી ઘાતક હથિયારો વડે ઈજા પહોંચાડવી, ગેરકાયદેસર મંડળી રચવી, અને જાનથી મારી નાખવાની ધમકી આપવી અંગેની કલમો. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની સંબંધિત કલમો. ગુનામાં સંડોવાયેલા આરોપીઓ (૧) બળવંત ગલિયા વાદી (૨) વિપુલ બારીયા (૩)પ્રભાકર જેસિંગ (ભોલો ડાંગી (૪)જેસીંગ રૂપસીંગ ડાંગી (૫) રમણ બચુ ડાંગી (૬) મેહુલ દિનેશ ડાંગી (૭) સંજય સોમા ડાંગી (૮) ભાવેશ રમણ ડાંગી (૯)દશરથ બચુ ડાંગી (૧૦) શૈલેષ બચુ ડાંગી (૧૧) સુભાષ દિલીપ ડાંગી (૧૨) ચિરાગ રમણ ડાંગી ની અટકાયત કરવા માટે જુદી જુદી ટીમો બનાવીને રેડ કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં તમામ આરોપીઓની ધરપકડ કરવામાં આવશે.

વિકાસ પ્રોજેક્ટના નામે ગરીબ આદીવાસી ખેડૂતોને જમીન વિહોણા કરી દેવાના પેતરા

દાહોદના છાયણ ગામે આદીવાસી ખેડૂતોની યોજાયેલ એક મહત્વની જનસભામા GIDCને રદ કરવાની માંગ

(પ્રતિનિધી) દાહોદ, તા.3

ગુજરાત સરકાર એક તરફ ગરીબ આદીવાસીઓ ના મસીહા હોવાની વાતો કરી ને અનેક કલ્યાણ કારી યોજનાઓ ના લાભો આપ્યા હોવાના ગુણગાનો ગણાવે છે,આજ દાહોદ જિલ્લા છાયણ ગામે આદીવાસી ખેડૂત આગેવાન મુકેશ એસ. ડાગી ની અધ્યક્ષતા મા એક મહત્વ ની બેઠક યોજાઈ હતી. એમા જી.આઈ.ડી.સી.ના પ્રોજેક્ટ ને જો રદ કરવામા નહી આવે તો આગામી દિવસો મા આદીવાસી ખેડૂતો પોતાની જમીનો અને ઘરબાર બચાવવા માટે મહારેલી,અનિશ્ચિત મુદ્દત ના ધરણા જેવા કાર્યક્રમો સંદર્ભમાં રણનીતિ બનાવવામાં આવી હતી. મોટી સંખ્યામાં ખેડૂતો અને વિવિધ વિસ્તારોના આગેવાનો બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ આગામી તા. ૧૩ ઓગસ્ટ ના રોજ દાહોદ ખાતે જાહેરસભાનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ હુઝ વિસ્તારના ખેડૂતો, દિલ્હી-મુંબઈ કોરિડોર હાઈવે, ડોમેસ્ટિક એરપ બેર્ટ, નવી રેલવે લાઈન તેમજ દહેગામ-કુશલગઢ ફોર લેન માર્ગ સહિત પાંચ વિવિધ વિકાસ યોજનાઓના અસરગ્રસ્ત ખેડૂતો રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી અંતિમ અલ્ટીમેટમ આપશે. આ બેઠકમાં નિર્ણય લેવાયો હતો કે જો ૧૭ઓગસ્ટ, ૨૦૨૬ સુધી તંત્ર દ્વારા યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો ૮ ઓગસ્ટ થી જિલ્લા કલેક્ટર કચેરી બહાર અનિશ્ચિત મુદતના ધરણાં શરૂ કરવામાં આવશે. તેમ છતાં માંગણીઓ નહીં સ્વીકારાય તો ખેડૂત આગેવાન મુકેશભાઈ એસ. ડાંગીએ આમરણ ઉપવાસ પર ઉતરવાની પણ જાહેરાત કરી હતી.

કાલોલના અલવા સેજામાં પડોશી અને વેપારીએ ભેગા મળી કારસ્તાન આચર્યું

કાલોલના અલવા સેજામાં પડોશી અને વેપારીએ ભેગા મળી ખેતરની સરહદ પરના કિંમતી ઝાડ કાપી વેચી માર્યા

રૂ. ૫૦,૦૦૦ના નુકસાન અંગે ઉચ્ચ કક્ષાએ રજૂઆત

(પ્રતિનિધી) કાલોલ, તા.3

કાલોલ તાલુકાના રાબોડ ગામના વતની અને હાલ પરિવાર સાથે અમદાવાદ ખાતે રહેતા પટેલ દિનેશભાઈ કિશોરભાઈના અલવા સેજામાં આવેલ સર્વે નંબર ૬૯ વાળા ખેતરમાં ગેરકાયદેસર રીતે ઝાડ કાપી વેચી દેવાનો ગંભીર મામલો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, અરજદાર દિનેશભાઈ પટેલના સરવે નંબર ૬૯ વાળા ખેતરની હદ (સરહદ) પર આવેલ કનઝ અને બાવળના કિંમતી ઝાડને તેમના પડોશી ગોકળભાઈ ધુળાભાઈ પટેલે તેમની અજાણતાં અને મંજૂરી વગર વેજલપુરના વેપારી લાલા ઉમર સાથે મળીને કાપી નાખ્યા હતા. અરજદારના જણાવ્યા અનુસાર, ગત તારીખ ૨૬/૦૬/૨૦૨૬ના રોજ વેપારી દ્વારા આ ઝાડ કાપીને લઈ જવામાં આવ્યા હતા. અમદાવાદ રહેતા અરજદારને તા. ૩૦/૦૬/૨૦૨૬ના રોજ આ અંગે જાણ થતાં તેઓ તુરંત જ વતન આવી તપાસ કરી હતી. જ્યારે અરજદારે વેપારી સાથે ફોન પર વાતચીત કરી ત્યારે વેપારીએ ઉદ્ધત વર્તન કરી "તારાથી થાય તે કરી લે, મારું કોઈ તોડી લેવાનું નથી" જેવી ધાક-ધમકીઓ આપી હોવાનો આક્ષેપ કરાયો છે.આશરે રૂ. ૫૦,૦૦૦/- ની કિંમતના ઝાડ માત્ર રૂ. ૧૬,૦૦૦/- માં ગેરકાયદેસર રીતે વેચી દઈને ભારે આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ મામલે પીડિત ખેડૂત દિનેશભાઈ પટેલ જિલ્લા વન સંરક્ષક અધિકારી (D.F.O.),ગોધરા,પોલીસ ઈન્સ્પેક્ટર, કાલોલ પોલીસ સ્ટેશન, મામલતદાર કાલોલને લેખિત અરજીઓ આપીને ત્વરિત અને કડક કાર્યવાહીની માંગ કરી છે.